## 1. ભારતમાં અંગ્રેજફ્રેન્ચ સંઘર્ષનું વર્ણન કરી તેનાં પરિણામો જણાવો.

- ફ્રાન્સ અને ઇંગ્લેન્ડ વચ્ચે યુદ્ધ (ઈ.સ. 1742) થતાં ભારતમાં પણ બ્રિટિશ અને ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની વચ્ચે વિગ્રહો શરૂ થયા. ભારતમાં રહેલો ફ્રાન્સનો ગવર્નર જનરલ ડુપ્લે ખૂબ શક્તિશાળી હતો. તેણે ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા ભારતના સ્થાનિક રાજ્યો અને નવાબો સાથે મળીને કેટલીક યોજનાઓ બનાવી.
- હૈદરાબાદમાં ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ રાજમુંદ્રિ, મુસ્તફાનગર અને એલોર તથા ચિકાકોલ પર પોતાના અધિકાર સ્થાપ્યા. ભારતની આંતરિક અને રાજકીય બાબતને લઈ બંને વચ્ચે ઈ.સ. 1750 માં યુદ્ધ થયું. ક્લાઇવના નેતૃત્વ નીચે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ તિરુચિરાપલ્લીમાં ફ્રેન્ચોને હરાવ્યા. આથી ફ્રેન્ચોએ ડુપ્લેને ભારતથી પાછા બોલાવ્યા.
- પુનઃ એક વાર કર્ણાટક યુદ્ધ થયું. અંતે અંગ્રેજોએ ફ્રેંચોને ભારતની રાજનીતિમાંથી હટાવીને, પેરિસની સંધિ મુજબ ફ્રેન્ચોએ તમામ કોઠીઓ અંગ્રેજોને સોંપી દીધી અને હવે તે કોઇપણ પ્રકારનું રાજકીય કાર્ય ભારતમાં નહીં કરે તેવું સ્વીકાર્યું. આમ, ભારતમાંથી ફ્રેન્ચોની વિદાય થઈ.

## 2. ભારતમાં આવેલી જુદી જુદી યુરોપીય કંપનીઓના આગમનનું કારણ સ્પષ્ટ કરો.

- ભારતનો યુરોપ અને અન્ય વિશ્વ સાથે પ્રાચીન કાળથી વેપારી સંબંધ હતા. ભારતની સુતરાઉ કાપડ, ગળી, મરીમસાલા, ઈમારતી, લાકડું તેમજ રેશમી વસ્ત્રોની યુરોપભરમાં ભારે માંગ હતી. ભારત અને યુરોપનો વેપારીમાર્ગ કોન્સેન્ટિનોપલ મારફતે હતો. ઈ.સ.1453માં તુર્કોએ કોન્સેન્ટિનોપલ જીતીને આ માર્ગ વેપાર ધંધા માટે બંધ કર્યો.
- યુરોપીયન પ્રજાને ભારતીય માલસામાન વગર ચાલે તેમ ન હોવાથી તેઓએ પોતાની રીતે જળમાર્ગ દ્વારા ભારતની શોધખોળ પ્રારંભી જેમાં વાસ્કોદગામાએ યુરોપથી ભારત સુધીનો અત્યંત સુરક્ષિત જળમાર્ગ શોધ્યો. અને ત્યારપછી જ વિવિધ યુરોપીયન પ્રજાઓ ભારતમાં આવી. ભારતમાં સૌ પ્રથમ યુરોપીયન પ્રજા તરીકે પોર્ટુગીઝોએ પ્રવેશ કર્યો તેઓએ વેપારની સાથે સમુદ્રમાં રાજ કરવાના હેતુથી કાલિકટ, ગોવા જેવા સ્થળોએ પોતાના શાસનની સ્થાપના કરી. ઈ.સ. 1510 થી ઈ.સ. 1610 સુધીના 100 વર્ષ સુધી તેઓએ ભારતીય સીમાઓમાં પોતાનું રાજ ચલાવ્યું.
- 16મી સદીમાં હોલેન્ડના નાનાનાના વેપારીઓની સંયુક્ત કંપની ડચ ઇસ્ટ ઇન્ડિયાએ ઈ.સ.1902માં વિશ્વવેપાર કરવા અને ભારતમાં પોર્ટુગલના વેપારધંધાને તોડવાના હેતુથી ભારતમાં પ્રવેશ કર્યો. ઈ.સ. 1658માં તેઓએ પોર્ટુગીઝો પાસેથી શ્રીલંકા પડાવી દીધું. ભારતમાં પોર્ટુગીઝ અને ડચ પ્રજાના ભારત સાથેના વેપારથી થતા અઢળક નફાથી પ્રેરાઇને 31 ડિસેમ્બર, 1600ના રોજ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં વેપાર કરવાનો એકાધિકાર પ્રાપ્ત કર્યો.
- મુઘલ બાદશાહ જહાંગીરે ઈ.સ.1612માં ભાડામાં કોઠી સ્થાપવાની પરવાનગી આપી. બ્રિટનના સમ્રાટ ચાર્લ્સ બીજાના લગ્ન પોર્ટુગીઝ રાજકુમારી સાથે થતા પોર્ટુગીઝોએ મુંબઈ બ્રિટીશરોને દહેજમાં આપ્યું. સમય જતાં અંગ્રેજો ભારતમાં સૌથી શક્તિશાળી યુરોપીયન સત્તા બની અને 200 વર્ષ સુધી ભારતમાં શાસન કર્યું. ઈ.સ. 1664માં ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા ફ્રેન્ચોએ પણ ભારતમાં વેપારધંધા માટે ભારતમાં આગમન કર્યું. ટૂંકમાં, ભારતની સમૃદ્ધિ, વેપાર, વાણિજ્યથી આકર્ષાઇને વિવિધ યુરોપીયન પ્રજાઓએ ભારતમાં પોતાની કંપનીઓ સ્થાપી.

3. પ્લાસીનું યુદ્ધ ભારતના ઇતિહાસમાં શું સ્થાન ધરાવે છે તે સ્પષ્ટ કરો.

- બંગાળ ભારતનો મહત્ત્વપૂર્ણ અને વિકસીત પ્રાંત હતો. ઈ.સ. 1717માં અંગ્રેજો એ અહીયા વૈપાર કરવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો, બંગાળના મસદ કલીનાં અને અલીવખિ સુધીના નવાબોએ કંપનીની કાર્યપદ્ધતિઓનો વિરોધ કર્યો.
- અલીવર્દીખાના દત્તકપુત્ર સિરાઝ-ઉદ-દૌલાએ અંગ્રેજોને પોતાની શરતો પર વેપાર કરવાનું જણાવ્યું. એ ગ્રે આ બાબતે તાબે ન થયા તેથી સિરાઝ-ઉદ-દૌલાએ અચે નેની કાસીમ જા રની ફેક્ટરી પર કબજો કર્યો, અંગેજો એ નવાબના અત્યંત વિશ્વાસુ સેનાપતિ મીરજાફર તથા મોટા ગજાના વેપારીઓને ખરીદી લઈ નવાબ વિરુદ્ધ ષડયંત્ર રચુ. અંગ્રેજોએ મદ્રાસથી એડમિટર વોટ્સન અને કર્નલ ક્લાઇવના નૌકાસૈન્યની મદદથી મુસીદાબાદથી 20 માઇલ દૂર પ્લાસીના મેદાનમાં યુદ્ધ કર્યું.
- સીરાજ-ઉદ્-દૌલાની હાર એ મીરજાફર અને તેના અન્ય વેપારીઓની ગદારીને કારણે થઈ. પ્લાસીના યુદ્ધ (23 જૂન 1757)એ ભારતીય ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. કારણે તે આ જીતને કારણે અંગ્રેજો બંગાળ અને ત્યાર પછી સમગ્ર ભારત પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો. અંગ્રેજએક વેપારી કંપની હતી કે જે એ ભારતમાં સત્તા માટે દાવેદારી કરનાર શાસન બન્યું. અને તેને બંગાળની પ્રજાને લૂંટી પુષ્કળ ધન દોલત બ્રિટનમાં રવાના કરી.

4. બક્સરના યુદ્ધનાં કારણો અને પરિણામોની ચર્ચા કરો.

- ઈ.સ. 1757ના પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજો એ પોતાની જીત પછી મીરજાફરને બંગાળના નવાબ તરીકે બેસાડ્યો. જે મનના નબળા અને અયોગ્ય શાસક સાબિત થયો. અંગ્રેજો એ જુદાં જુદાં બહાના હેઠળ મીરજાફર પાસેથી પુષ્કળ ધન મેળવ્યું હતું. ક્લાઇવે મીરજાફરને ઉકેરી બિહાર અને ઓરિસ્સાના હિન્દુશાસકો સાથે દુશ્મનાવટ ઊભી કરાવી.
- મીરજાફર અંગે જેના સંપૂર્ણ અંકુશ નીચે હતો. તેની લાચારી છે અને નિર્બળતાને અંગે જો જાણી ગયા હતા. અંગ્રેજોને સત્તા પલટો કરીને કંપની માટે વધુ અધિકારો અને વધુ નાણાં તથા ભેટો જોઇતી હતી, તેથી તેમણે મીરજાફરને પદભ્રષ્ટ કર્યો અને તેના જમાઈ મીરકાસીમને બંગાળનો નવાબ બનાવ્યો. શાસક તરીકે મીર કાસીમ મક્કમ મનનો પુરવાર થયો.
- તે અંગ્રેજોની ઇચ્છા મુજબ વર્તન કરવા તૈયાર ન થયો. તેણે શાસનતંત્રમાં અને ક સુધારાઓ કર્યા. તેણે રાજયનો ખર્ચ ઘટાડી. અંગ્રેજોનું બધું દેવું ચૂકવી દીધું. પોતાની પ્રજાની ફરિયાદો સાંભળીને તેણે ભારતના વેપારીઓ પાસેથી જેકાતવેરો લેવાનું માંડી વાળ્યું. તેણે અંગ્રેજોના પ્રભાવથી દૂર રહેવા પોતાની રાજધાની મુર્શિદાબાદથી મોંધીર બદલી જ કામ નહી ભરવાનો ઇજારો ભોગવતા અંગે જો મીરકાસીમના ભારતીય વેપારીઓ પાસેથી કર નહિ લેવાના નિર્ણયથી તથા તેણે મોંઘીરમાં શસ્ત્રો બનાવવાનું કારખાનું સ્થાપ્યું હતું તેથી ગુસ્સે ભરાયા.
- અંગ્રેજો એ મીર કાસીમ સાથે યુદ્ધ કર્યું, મીરકાસીમ આ યુદ્ધમાં હાર્યો અને અવધના નવાબને શરમે ગયો. એ સમયે મુઘલ સમ્રાટ શાહઆલમ બીજી અવધની મુલાકાતે આવ્યો હતો. આથી ત્રણેયે સંયુક્ત રીતે અંગ્રેજોનો સામનો કરવાનો નિર્ણય કરી યુદ્ધ જાહેર કર્યું. આ સયુક્ત સેના અને અંગ્રેજ સેનાપતિ મનરો ના નેતૃતવના નીચેના અંગ્રેજ લશ્કર વચ્ચે બક્સર ના મેદાનમાં 22 ઓક્ટોબર, 1764 ના રોજ યુદ્ધ થયું. તેમાં અંગેજો નો વિજય થયો અને સયુક્ત સેનાનો પરાજય થયો.

- બક્સરના યુદ્ધમાં મળેલા વિજયને પરિણામે અંગ્રેજો એ બંગાળ ના કાયદેસરના શાસક તથા માલિક બન્યા. તેમણે બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં જમીન મહેસૂલ ઉઘરાવવાની સતા મળી, જે 'દિવાની સત્તા તરીકે ઓળખાય છે.

## 5. ડેલહાઉસીની ખાલસા નીતિ સમજાવો.

- લોર્ડ ડેલહાઉસી (ઈ.સ. 18481856) ભારતના ગવર્નર જનરલ તરીકે આવ્યો. તે સુધારક તથા સામ્રાજય વાદી હતો. સુધારક તરીકે તેણે ભારતમાં સૌપ્રથમ રેલ્વે, તાર, ટપાલ વગેરે દાખલ કર્યા. જયારે સામાજવાદી તરીકે તેણે ખાલસાનીતિનો અમલ કર્યો. આ પદ્ધતિના અમલ પાછળ ડેલહાઉસીના મુખ્ય બે હેતુઓ હતા.

  (1) ભારતમાં બ્રિટિશ આધિપત્ય તથા શાસનનો વિસ્તાર કરવો અને

  (2) ઇંગ્લેન્ડમાં ખૂબ ઝડપથી ફેલાતી ઓધોગિક ક્રાંતિને માટે ભારતમાંથી કાચો માલ મેળવવો. લોર્ડ ડેલહાઉસીએ ભારતમાં દેશી રાજયોને ખાલસા કરવા પાંચ રીતોનો ઉપયોગ કર્યો હતો. (1) યુદ્ધ દ્વારા પ્રદેશો જીતવા (2) દત્તક પુત્ર નામંજૂર કરવા

  (3) નામ માત્રની સત્તાનો અંત લાવવો

  (4) ગેરવ્યવસ્થા કે ગેરવહીવટના બહાના નીચે રાજય ખાલસા કરવાં અને

  (5) કરજની ઉઘરાણીના બહાના નીચે રાજય ખાલસા કરવા. લોર્ડ ડેલહાઉસીએ ઈ.સ. 184849માં બીજું શીખવિગ્રહમાં શીખોને આખરી પરાજય આપીને પંજીબ ખાલસા કર્યું. મ્યાનમાર (બર્મા)ના રાજા સાથે દ્વિતીય બર્મવિગ્રહ કરીને તેની પાસેથી રંગુન સહિતનો પૈગુ પ્રાંત તેમજ નીચલા મ્યાનમાર (બર્મા)નો પ્રદેશ કબજે કર્યો અને તેને કંપનીના રાજયમાં જે ડી દીધો. જે રાજય કંપની સરકારનાં ખેડિયા, તાબેદાર કે આશ્રિત હોય અને તેનો રાજ અપુત્ર મરણ પામે તો એ રાજયને તેણે ખાલસા કરીને કંપનીના પ્રદેશો સાથે જોડી દીધું.

- એ રીતે તેણે સંતારા, જેતપુર, સંબલપુર, બાધત, ઉદેપુર, ઝાંસી, માંડવી, કોલાબી અને નાગપુરને ખાલસા કર્યા, નામપાત્રની સત્તાનો અંત લાવવા તેણે ખિતાબ કે પેશ્વાન ધરાવનાર વ્યક્તિ મૃત્યુ પામે તો તેના વારસદારને એ હક મળે નહિ તેવી જાહેરાત કરી, બાજીરાવ બીજાનું અવસાન થતાં તેમને મળતું આઠ લાખનું પેન્ટાન તેમના દત્તકપુત્ર નાનાસાહેબને આપવાનો તેણે ઈક્કાર કર્યો. આજ નીતિ અનુસાર તેણે તાંજોર અને કર્ણાટકના રાજયો ખાલસા કર્યો.
- અવધનો નવાબ કંપનીનો મિત્ર હતો અને તેણે મુચકેલ સ્થિતિમાં કંપનીને સહાય પણ કરી હતી. છતાં તેના રાજયમાં ગેરવ્યવસ્થા ચાલતી હોવાનું જણાવીને અવધના રાજયના ખાલસા કર્યું અને તેને કંપનીના રાજયમાં જોડી દીધું. ડેલહાઉસીની ખાલસાનીતિ એ કે લાગણીહીન સામ્રાજયવાદીની નીતિ હતી. તેણે ભારતમાં કંપનીના રાજયનો બહોળો વિસ્તાર કવો, ભારતનો મોટા ભાગનાં રાજયો કંપનીના સીધા શાસન હેઠળ આવ્યાં .